SGCCI

# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેકસ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

Ref No. PN 2024-25/109 Dt. 15/10/2024

તંત્રીશ્રી, __________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.

આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

## ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા 'વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની ગુજરાતના મુખ્યમંત્રીથી ભારતના વડાપ્રધાન બનવા સુધીની સફળ લીડરશીપ જર્ની' વિષય પર કાર્યક્રમ યોજાયો

### શ્રી ગિરીશ લુથરા, શ્રી ચેતન શાહ અને શ્રી નિરવ જોગાણીએ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની લીડરશીપ સફરને તથા તેમના લીડરશીપ ગુણોને યાદ કર્યા

સુરતઃ ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા સોમવાર, તા. ૧૪ ઓક્ટોબર ૨૦૨૪ના રોજ સાંજે ૦૫:૦૦ કલાકે, આર્ટ ગેલેરી સાયન્સ સેન્ટર, અઠવા, સુરત ખાતે 'વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની ગુજરાતના મુખ્યમંત્રીથી ભારતના વડાપ્રધાન બનવા સુધીની સફળ લીડરશીપ જર્ની' વિષય પર કાર્યક્રમ યોજાયો હતો. જેમાં લુથરા ગ્રુપના ચેરમેન શ્રી ગિરીશ લુથરા, સોલેક્ષ એનર્જી લિમિટેડના ચેરમેન શ્રી ચેતન શાહ, RSM લેમન કન્સલટેકના વાઈસ ચેરમેન શ્રી નિરવ જોગાણીએ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની લીડરશીપ સફરને અને તેમના લીડરશીપ ગુણોને યાદ કર્યા હતા.

ચેમ્બર ઓફ કોમર્સના ઉપ પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ સ્વાગત પ્રવચન કર્યું હતું અને કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, 'નવા ઈનેશેટિવ લેવામાં વડાપ્રધાનશ્રી મોદીજી હંમેશા મોખરે રહ્યા છે. જેટલા નવા પ્રયોગો તેમને કર્યા છે, એ પ્રયોગો કરવા માટે પણ એક ચોક્કસ પ્રકારની હિંમત

જરૂરી છે અને તે તેમનામાં છે. ગુજરાતના મુખ્યમંત્રી તરીકે તેમને જે રીતે રાજ્યને આત્મનિર્ભર બનાવ્યું તેવી જ રીતે દેશના વડાપ્રધાન બન્યા પછી દેશને આત્મનિર્ભર બનાવવા માટે ગુજરાત મોડેલનો ઉપયોગ કર્યો અને તે પણ એટલો જ સફળ રહ્યો. અસરકારક નેતૃત્વ દ્વારા પોતાના વિચારો દુનિયાને સમજાવવામાં તેઓ સફળ રહ્યા છે.'

શ્રી ગિરીશ લુથરાએ જણાવ્યું હતું કે, 'વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીમાં વિઝનરી, ઈનેશિએટીવ, ટીમવર્ક, પ્રો-એક્ટિવ, ડેમોક્રેટિક, પાર્ટીસિપેટીવ, સિચ્યુએશનલ, ટ્રાન્ઝેક્શનલ વ્યક્તિત્વના ગુણોનું દર્શન થાય છે. આઝાદી પછી પણ લોકોની વિચારસરણીમાંથી ગુલામીની ભાવના કાઢવી મહત્વની હતી, જે લોકોની ઈન્ટર્નલ અને એક્ષ્ટર્નલ સમસ્યા બની ગઈ હતી, તે વિચારસરણીમાં વર્તમાન એક દશકમાં ફેરફાર થયો છે. અન્ય દેશોમાં હાલમાં ભારતીયો તરફ જોવાનો નજરિયો બદલાયો છે.'

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, 'ભારતમાં વડાપ્રધાનશ્રીના નેતૃત્વના એક દશકમાં જે બદલાવ આવ્યો છે, તે દુનિયા માટે એક સંશોધનનો વિષય બની ગયો છે. હાલમાં દેશમાં જનભાગીદારીથી કાર્યો થઈ રહ્યા છે.'

શ્રી ચેતન શાહે જણાવ્યું હતું કે, 'વર્ષ ૨૦૧૪ બાદ લોકો ભારતનું નામ ગર્વથી લે છે. વર્ષ ૨૦૧૪ થી ૨૦૨૪ દરમિયાન દેશ એક નવું ભારત બનીને ઉભર્યું છે. આ સમયગાળા દરમિયાન ભારતના અન્ય દેશો સાથે દ્વિપક્ષીય કરારો વધ્યા છે. વડાપ્રધાન શ્રી મોદીના નેતૃત્વના કારણે જ ભારત કોઈ પણ અન્ય દેશોના દબાણમાં આવ્યા વિના નિર્ણય લે છે અને જે દેશમાં એક્સપોર્ટ કરવો હોય તે દેશમાં કરે છે. ઈન્ટરનેશનલ સોલાર એલાયન્સમાં ૧૨૦ દેશોનો સાથ ભારતને મળ્યો. વડાપ્રધાન શ્રી મોદીના કાર્યકાળનો સુવર્ણ સમય ગુજરાતથી જ શરૂ થયો હતો.'

શ્રી નિરવ જોગાણીએ જણાવ્યું હતું કે, 'ભારતીયોની માથાદીઠ વાર્ષિક આવક ૨૪૦૦ ડોલર છે. જો સરકારના લક્ષ્યાંક મુજબ ભારતનો વિકાસ થશે અને અર્થવ્યવસ્થામાં વૃદ્ધિ થશે તો ભારતીયોની માથાદીઠ વાર્ષિક આવકમાં ચાર ગણી વૃદ્ધિ થશે. વડાપ્રધાન શ્રી મોદીના મેક ઈન ઈન્ડિયા પ્રોજેક્ટ હેઠળ દેશમાં અનેક પ્રોડક્ટના મેન્યુફેક્ચરીંગ યુનિટનું નિર્માણ ઉદ્યોગ સાહસિકોએ કર્યું. ભારતે હાલમાં જ રૂ. ૧૬,૦૦૦ કરોડનું એક્સપોર્ટ કર્યું છે. એટલે જ આગામી સમયમાં ભારત ડિફેન્સ ઈમ્પોર્ટર નહીં પણ એક્સપોર્ટર તરીકે ઊભરી આવશે તે વાત નક્કી છે.'

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, 'વડાપ્રધાન શ્રી મોદીનું યુવાનોને સ્કિલ આપવાનું કાર્ય, તેમના અન્ય દેશો સાથેના સંબંધો જાળવવાનો પ્રયાસ, નિર્ણય લેવાની ક્ષમતા, વિવિધ સ્કીમોને અમલી બનાવવામાં, ડિજીટલ પબ્લિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર બનાવવામાં, ઈનોવેશનમાં તેમણે આપેલા પ્રોત્સાહનમાં તેમના લીડરશીપ ગુણોનું દર્શન થાય છે.'

અંતે, ઉપસ્થિતોના તમામ પ્રશ્નોના સંતોષકારક જવાબ વક્તાશ્રીઓ દ્વારા આપવામાં આવ્યા હતા. ચેમ્બરના પુર્વ પ્રમુખ શ્રી આશીષ ગુજરાતીએ ઉપસ્થિતોનો આભાર માન્યો હતો અને ત્યાર બાદ કાર્યક્રમનું સમાપન થયું હતું.